## ડાયરેક્ટ સે

દુનિયા શું કહેશે
એ ના વિચારો
દુનિયા તો અજબ છે
એ
નિષ્ફળ માણસોની
ટીકા કરે છે
અને
સફલ માણસોની
ઈર્ષ્યા કરે છે

## જન્મદિને વધામણી



રીતુ જે પટેલ
મો. ૯૯૭૯૨ ૬૦૮૦૫



રિયાંશી જે. દાતણીયા
મો. ૯૯૭૪૮૨૧૦૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન,

# ‘ઈમર્જિંગ ઈ-એપ્લીકેશન ફોર ટીચર્સ’ વિષયે નેશનલ વર્કશોપ





ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેક્ટર-૨૩ ખાતે પ્રૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ‘ઈમર્જિંગ ઈ-એપ્લીકેશન ફોર ટીચર્સ’ વિષયે બે દિવસીય નેશનલ વર્કશોપનું આયોજનક રવામાં આવ્યું હતું.

વર્કશૉપના આરંભે ડૉ. નેહાબેન જહાએ ઉપસ્થિત અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ડૉ. સંજયભાઈ ગુપ્તાએ આ વર્કશોપ વિશે જાણકારી આપી હતી.

વર્કશોપમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડૉ. ગાર્ગીબેન રાજપરાએ એડવાન્સ ટેકનોલોજી અને ડિજીટલ શિક્ષણ વિશે સૌને વાકેફ કર્યા હતા. ટ્રેનર જયેશભાઈ બનેએ સ્માર્ટ બૉર્ડની ઉપયોગિતા અને તેના શિક્ષણમાં ફાયદાઓ તથા વિવિધ ફંક્શન્સની ઊંડાણપૂર્વકની માહિતી ઉપસ્થિત ટીચર્સને આપી હતી.

ડૉ. અભિજીત જાડેજાએ હેલ્થી કોમ્પ્યુટીંગ વિશે વિવિધતાસભર માહિતી પૂરી પાડી હતી.

ડૉ. શ્યામ ચાવડાએ શિક્ષણમાં બ્લૉગની ઉપયોગીતા અંગેના પ્રાયોગિક કૌશલ્યથી સૌને માહિતગાર કર્યા હતા. બે દિવસીય આ વર્કશૉપમાં રાજસ્થાન, ઔરંગાબાદ, પુના, દિલ્હી, મહારાષ્ટ્ર અને ગુજરાતની વિવિધ કૉલેજોમાંથી ભાગ લેવા માટે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આ વિવિધતાસભર વર્કશૉપની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના કન્વીનર તરીકે ડૉ. હરિકૃષ્ણ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વયસ્ક ખેલ વીરાંગનાનું કૌશલ્ય ગૃપ દ્વારા સન્માન



માસ્ટર્સ એથ્લેટિક્સ ઍસોસિએશન દ્વારા તાજેતરમાં જૂનાગઢ ખાતે યોજાયેલી માસ્ટર્સ એથ્લેટિક્સમાં ૧૦૦ મીટર દોડની સ્પર્ધામાં ગોલ્ડ મૅડલ અને ગોળાફેંક અને ભાલાફેંકની સ્પર્ધામાં સિલ્વર મૅડલ પ્રાપ્ત કરીને ૭૨ વર્ષીય નિવૃત્ત આચાર્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક ઈન્દુમતિ નિમાવતે શહેરનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગર કૌશલ્ય ગૃપનાં સભ્ય બહેનો દ્વારા આ સિદ્ધિ બદલ ઈન્દુમતિ નિમાવતને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# રેડિયન્ટ સ્કૂલ ખાતે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૦

પાટનગરના સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં આગામી રાષ્ટ્રીય પર્વની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્પર્ધક વિદ્યાર્થીઓએ હિન્દી અને ગુજરાતી એમ બંને ભાષામાં ભિન્ન ભિન્ન દેશભક્તિ ગીતો ગાઈ ક્રાંતિકારીઓ, શહીદો, સ્વતંત્રતા-સેનાનીઓ, યુગપુરુષોના ત્યાગ, બલિદાન, દેશપ્રેમ, ઐતિહાસિક નિર્ણયો ફરી એક વાર જીવંત કરી દીધા હતા અને શ્રોતાઓને દેશપ્રેમના રસમાં તરબોળ કરી દીધા હતા.

શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયાર અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ સ્પર્ધકોને સુંદર પ્રદર્શન બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા સ્પર્ધકોને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન ખાતે વિવિધ ડેઝનું સેલિબ્રેશન કરાયું



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન ખાતે વિવિધ ડેઝનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ટ્રેડિશનલ ડે, સિગ્નેચર ડે, પાઘડી તથા ગોગલ્સ ડે, અને હોરર ડેની ઉજવણી કરી હતી. આ ઉપરાંત લૉજિક ઍકેડેમી દ્વારા ‘રૂટ્સ ઑફ ઇંગ્લિશ’ અને ‘કરિયર ઓરિએન્ટેશન’ વિષયે સેમિનાર યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓને એક કલાકમાં ૬૦૦ અંગ્રેજી શબ્દો કેવી રીતે યાદ રાખી શકાય તે અંગે તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ કૉલેજનાં પ્રાધ્યાપક ખુશાલી ચૌધરી અને કિંજલ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે

ગાંધીનગર, તા. ૨૦

શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પર તેમણે વાંચેલી સાંભળેલી વાર્તાઓની ઊંડી અસર પડતી હોય છે. તેમજ વાંચન લેખનમાં તેમની રસ ઋચિ વધે તેમજ ગુજરાતી ભાષામાં તેમની અભિવ્યક્તિ ક્ષમતા વધે તે હેતુથી શહેરના દર્શા કિકાણી દ્વારા છેલ્લા બે વર્ષથી બાળકો માટે હાસ્ય વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો માટે વાર્તા લેખનની શબ્દ મર્યાદા ૧૦૦૦ શબ્દોની છે. ધોરણ ૬થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પોતાની વાર્તાઓ મોકલી શકે છે. જેમાં આ વખતે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પણ સ્પર્ધા ખૂલ્લી મુકવામાં આવી છે. આ સ્પર્ધાને વડોદરાની પ્યોરિટી ફ્લેક્ષપેક લિમિટેડ, ગાંધીનગરની આત્માન ફાઉન્ડેશન તેમજ અમદાવાદની વિચારવલોણુ પરિવાર સંસ્થાનો સહયોગ મળ્યો છે. આ સ્પર્ધા માટે આવેલી વાર્તાના વિજેતાની પસંદગી મૌલિક વિચારો, ભાષા સજ્જતા અને રજૂઆતને આધારે કરાશે. સામાન્ય અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ બંને વિભાગમાંથી આઠ આઠ ઈનામો આપવામાં આવશે. બંને વિભાગોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ૧૧ હજાર, દ્વિતીય ઈનામ ૭ હજાર તેમજ તૃતિય ઈનામ ૫ હજારનું રહેશે. તે ઉપરાંત બંને વિભાગમાં પાંચ પાંચ પ્રોત્સાહક ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને ૧૦૦૦ના પુરસ્કાર આપવામાં આવશે.

એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ દ્વારા

# ગાંધી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લેવાઈ



ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૮ બી અને સી વિભાગની વિદ્યાર્થીનીઓએ શુક્રવારે ગાંધી આશ્રમની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન ગાંધીજીની પ્રતિમા, ચરખો તથા જે સ્થાન પર તેઓ બેસતા તે ગાદી, રહેઠાણની ઓરડી, તેમનાં જીવનચરિત્ર આધારિત પ્રદર્શન નિહાળ્યું હતું.

આશ્રમ પરિવાર દ્વારા આ વિદ્યાર્થિનીઓને ગાંધીજી વિશે ઊંડાણપૂર્વકની માહિતી આપી પ્રાર્થના સ્થળની ખાસ મુલાકાત કરાવવામાં આવી હતી અને ઈતિહાસની માહિતી પણ આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીનીઓ રિવર ફ્રન્ટની પણ મુલાકાત લીધી હતી.

આ મુલાકાતનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષક પ્રવીણાબેન અને જયશ્રીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અમદાવાદ ખાતે એપ્રિલમાં ‘મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટ’

બ્રહ્મ વિકાસ આયોગ સમિતિ દ્વારા એપ્રિલ-૨૦૧૮માં ગુજરાતમાં વસતા અને વ્યવસાય કરતા તમામ વ્યાવસાયિક બ્રાહ્મણોની નોંધણી કરી ડિરેક્ટરી બહાર પાડવામાં આવશે તેમજ અમદાવાદ ખાતે બે દિવસીય ‘મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટ’નું આયોજન કરવામાં આવશે. જેથી બ્રાહ્મણ વ્યાવસાયિકોને એમના ધંધા-રોજગાર ક્ષિતિજો પ્રાપ્ત થાય, બેરોજગાર બ્રાહ્મણ યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય. અમદાવાદ ખાતે પત્રકાર પરિષદમાં આ અંગે વધુ બ્રહ્મ વિકાસ આયોગ સમિતિના કન્વિનર યજ્ઞેશભાઈ દવેએ જણાવ્યું કે ગુજરાતમાં વસતા ૬૨ લાખ બ્રાહ્મણોના આર્થિક શૈક્ષણિક સામાજિક અને સ્વાસ્થ્ય સંસ્કૃતિ ઉત્કર્ષ માટે બ્રહ્મ વિકાસ આયોગની બ્રહ્મસમાજ દ્વારા માગ કરવામાં આવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અન્ય જ્ઞાતિઓ જેવી કે ગુજરાત સરકાર દ્વારા ક્ષત્રિય ઠાકોર વિકાસ નિગમ, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, આદિવાસી જાતિ વિકાસ નિગમ, ગોપાલક વિકાસ બોર્ડ, મુસ્લિમ વકફ બોર્ડ જેવી સંસ્થાઓની રચના કરેલી છે અને પાટીદારો માટે પણ અલગ બોર્ડ કે આયોગની રચનાની વિચારણા છે ત્યારે બ્રહ્મ વિકાસ આયોગની સ્થાપના કરવામાં આવે તેવી માગણી સમાજ દ્વારા કરવામાં આવેલી છે.

ઘણા વર્ષની માંગણીને સરકાર દ્વારા કોઈ પરિણામ ન આપવામાં આવતા સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત રાજ્ય દ્વારા બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિની રચના કરી સરકાર સમક્ષ આવેદનપત્ર આપી વિકાસ આયોગની માંગણી કરેલી છે, પરંતુ સરકાર દ્વારા તે સ્વીકારવામાં આવી નથી. થોડા સમય પૂર્વે જ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતા આ આંદોલન શાંત રાખવામાં આવ્યું હતું, પરંતુ ચૂંટણીઓ પૂર્ણ થતા સરકાર સમક્ષ બ્રહ્મ વિકાસ આયોગ સમિતિ દ્વારા ફરીથી આંદોલનનું રણશીંગુ ફૂંકવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે ગુજરાતમાં ૬૨ લાખ જેટલા બ્રાહ્મણો વસવાટ કરે છે. જે શાંતિપ્રિય તેમજ કંઈક નવું અર્પણ કરનારા સમાજના છે, પરંતુ આ પરિસ્થિતિમાં આ સમાજ આર્થિક, સામાજિક રીતે પછાત થઈ રહ્યો છે ત્યારે સમાજનાં સર્વાંગી વિકાસ માટે બ્રહ્મ સમાજ આયોગની રચના થવી સમયની માગ છે. આંધ્રપ્રદેશમાં બ્રાહ્મણ વેલ્ફેર કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે. જેમાં બ્રાહ્મણના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ હેઠળ રૂ.૧૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તો ગુજરાત સરકારે પણ ગુજરાતના બ્રહ્મસમાજ માટે બ્રહ્મ વિકાસ આયોગની રચના થાય તે અમારી માગણી પૂર્ણ કરે..

# સ્વતંત્ર પ્રેસ માનવ હકોનું રક્ષણ વંચિતોનો અવાજ બૂલંદ કરે છે

ગાંધીનગર, તા. ૨૦

નિરમા યુનિવર્સિટીની લૉ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત પેનલ ડિસ્કશનમાં યુનિવર્સિટી ઓફ હલની સ્કૂલ ઓફ પોલિટિક્સના ડાયરેક્ટર ડો. રાફેલ કોહેન આલ્માગોરે કહ્યું હતું કે,‘પ્રેસની સ્વતંત્રતા અને સ્વાયતત્તા માનવ હકોનું રક્ષણ કરવા અને વંચિતોનો અવાજ બુલંદ કરવામાં મદદરૂપ બને છે. નાગરિકોને વધુ સહનશીલ બનવાનું પ્રોત્સાહન પણ સ્વતંત્ર પ્રેસ-મીડિયાના થકી જ શક્ય બને છે. તેથી વાણી સ્વાતંય એ કોઈ પણ લોકશાહીના હાર્દમાં રહેલો આદર્શ તત્ત્વ છે.’ ડો. રાફેલે જણાવ્યું હતું કે,‘યુ.કે.માં મીડિયા ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો જોવા મળ્યા છે અને રૂપર્ટ મુર્ડોક જેવા મીડિયા મોગલ મહત્ત્વની ભૂમિકા પણ ભજવતા હોય છે.‘ઈન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ બિઝનેસ, યુ.કે.ના સિનિયર એડવાઈઝર સલીલ ત્રિપાઠીએ ભારતીય રાજકારણમાં હેટ સ્પિચ અને વિચારોની સ્વતંત્રતાની અસર વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે ટોળાશાહી અને વાણી સ્વાતંય સામે ભય પેદા કરતી કેટલીક કાયદાકીય જોગવાઈઓનો ઉલ્લેખ પણ કર્યો હતો. ખાસ કરીને રાજદ્રોહની જોગવાઈનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. આ કાર્યક્રમમાં લૉ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર પ્રો. પૂર્વી પોખરિયાલે પ્રારંભિક વકતવ્ય આપ્યું હતું.

અમદાવાદ શહેરમાં

# કાંકરિયા કાર્નિવલની જેમ હવે સાબરમતી ફેસ્ટિવલ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ડિસેમ્બરમાં યોજાતા કાંકરિયા કાર્નિવલની શહેરીજનોને સમગ્ર વર્ષ રાહ જોતા હોય છે. જોકે, હવે શહેરીજનો માટે કોર્પોરેશન દ્વારા કાંકરિયા કાર્નિવલની જેમ સાબરમતિ ફેસ્ટીવલનું આયોજન કરવા જઈ રહી છે. આ અંગેની કોર્પોરેશન દ્વારા બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. કાંકરિયા કાર્નિવલ શિયાળા દરમિયાન યોજાય છે જ્યારે સાબરમતી ફેસ્ટીવલનું આયોજન ઉનાળા દરમિયાન કરવામાં આવશે. જેમ ક્રિસમસના વેકેશન વખતે કાંકરિયા કાર્નિવલ યોજાય છે તે જ રીતે ગુજરાત દિન નિમિત્તે એટલે કે મે માસમાં વેકેશન દરમિયાન સાબરમતી ફેસ્ટીવલનું આયોજન કરાશે, જેથી મોટી સંખ્યામાં બાળકો તેનો લાભ લઈ શકે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા હવે રિવરફ્રન્ટ ફેઝ-૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે. જેમાં પૂર્વ કિનારે ડફનાળાથી ઈન્દિરાબ્રિજ સુધી ૫.૪ કિ.મી. અને પશ્ચિમ કિનારે ટોરેન્ટ પાવરથી ઈન્દિરાબ્રિજ ૪.૩ કિ.મી.ના રિવરફ્રન્ટને ડેવલપ કરવામાં આવશે. આ માટે કુલ ૧૦૧ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવશે. પૂર્વ કિનારે ૪૪ હેક્ટર અને પશ્ચિમ કિનારે ૫૭ હેક્ટર જમીન સંપાદન કરાશે. આ પ્રોજેક્ટ રૂ. ૮૫૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે..

ઉપરાંત પૂર્વ કિનારે એલિસબ્રિજ અને આંબેડકર બ્રિજની વચ્ચે રૂ. ૨૫ કરોડના ખર્ચે કલ્ચરલ એન્ડ આર્ટ સેન્ટર બનાવવાનું પણ બજેટમાં નક્કી કરાયું છે. જ્યારે પૂર્વ કિનારે નહેરૂબ્રિજ અને એલિસબ્રિજ વચ્ચે રૂ. ૧૦ કરોડના ખર્ચે હેરિટેજ ગાર્ડન બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ, સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૮૮૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. હાલમાં રિવર ફ્રન્ટ હાઉસ, એલિસબ્રિજથી સરદાર બ્રિજ સુધીનો ફુટ ઓવરબ્રિજ, પૂર્વ કિનારે સરદાર બ્રિજથી ડો. આંબેડકર બ્રિજ સુધી સ્માર્ટ રોડ અને ફ્લોટીંગ રેસ્ટોરન્ટનું કામ પ્રગતિમાં હોવાનું જાણવા મળે છે. ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે અમદાવાદનો સમાવેશ થયા બાદ કોર્પોરેશન દ્વારા હેરિટેજના વારસાને જાળવવા માટે અવનવા કામો શરૂ કર્યા છે. જેમાં હવે બજેટ દરમિયાન હેરિટેજને ધ્યાનમાં રાખીને વિશેષ જોગવાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. બજેટમાં પાલડી સંસ્કાર કેન્દ્ર ખાતે વર્લ્ડ હેરિટેજ સિટી મ્યુઝિયમનું રૂ. ૨૫ કરોડના ખર્ચે નિર્માણ કરવાનું આયોજન કરાયું છે. ઉપરાંત શહેરની હેરિટેજ ઈમારતો તથા હેરિટેજ બ્રિજ પર કાયમી લાઈટીંગ કરવાનું પણ આયોજન કરાયું છે..

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો ૮ જુલાઈ, ૨૦૧૭ના રોજ સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના પગલે કોર્પોરેશન દ્વારા હેરિટેજના યોગ્ય જતન અને જાળવણી માટે ‘અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટની રચના કરી હતી. ત્યાર બાદ કોર્પોરેશન દ્વારા હેરિટેજને લઈ અનેક કાર્યક્રમો પણ કર્યા હતા. જેમાં લેક્ચર સિરીઝનું આયોજન, પેઈન્ટીંગ-ફોટોગ્રાફી સ્પર્ધા, વર્લ્ડ હેરિટેજ વિકની ઉજવણી, અમદાવાદ સિટી સાઈટ બસની સેવા જેવી કામગીરી કરી હતી. દરમિયાન હવે કોર્પોરેશન દ્વારા બજેટમાં પણ હેરિટેજને લઈને કરોડોની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રિવરફ્રન્ટ ખાતે હેરિટેજ ગાર્ડન તૈયાર કરવાનું આયોજન કરાયું છે.